# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-ર/પરવાનગી/૩૩/૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :-૧૧ - ૦૯–૨૦૧૮

પ્રતિ,
શ્રી નીલેશભાઈ રતનલાલ શેઠ તથા અન્યો
મુ.પો.સમા,
તા.જી.વડોદરા

વિષય:- મોજે સમા, તા.જી.વડોદરાના રે.સ.નં.૪૭૬, મુળખંડનં.૧૨૦,અંતિમખંડનં. ૧૨૦, ટી.પી.સ્કીમ નં.૦૨ (સમા-દુમાડ-વેમાલી) વાળી જમીનમાં રહેણાંક હેતુના કુલ-૭૨ ફ્લેટ્સ બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૨૩-૦૩-૨૦૧૮ ની અરજી તથા તા. ૧૯-૦૬-૨૦૧૮ની રજૂઆત અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગી અને અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નોંધ પર મળેલ મુખ્ય કારોબારી અધિકારીશ્રી
ની મંજુરી અનુસાર

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-
કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.
જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તરની કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.
નગર રચના અધિકારીશ્રી, કુબેર ભવન,૮મો માળ,કોઠી કચેરી કંપાઉન્ડ વડોદરા નગર રચના યોજનાની કચેરી,વડોદરા તરફ જાણ સારૂ.

Scanned by CamScanner

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

# વિકાસ પરવાનગી

શ્રી નીલેશભાઈ રતનલાલ શેઠ તથા અન્યો, મોજે સમા, તા.જી.વડોદરાના રે.સ.નં.૪૭૬, મુળખંડનં.૧૨૦, અંતિમખંડનં. ૧૨૦, ટી.પી.સ્કીમ નં.૦૨ (સમા-દુમાડ-વેમાલી) વાળી જમીનમાં ક્ષેત્રફળ ૨૭૯૨.૦૦ચો.મી માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફલોર પાર્કિંગ ચો.મી,ફર્સ્ટ ફલોર ૬૨૮.૧૬ ચો.મી,સેકન્ડ ફલોર ૬૨૮.૧૬ ચો.મી., થર્ડ ફલોર ૬૨૮.૧૬ ચો.મી.,ફોર્થ ફલોર ૬૨૮.૧૬ ચો.મી.,ફીફ્થ ફલોર ૬૨૮.૧૬ ચો.મી.,સીક્ષ્થ ફલોર ૬૨૮.૧૬ ચો.મી., સેવંથ ફલોર ૬૨૮.૧૬ ચો.મી.એઇટ ફ્લોર ૬૨૮.૧૬ ચો.મી,નાઇન્થ ફ્લોર ૬૨૮.૧૬ચો.મી, ટેન્થ ફ્લોર ૬૨૮.૧૬ ચો.મી,ઇલેવન ફ્લોર ૬૨૮.૧૬ ચો.મી, ટ્વેલ્થ ફ્લોર ૬૨૮.૧૬ ચો.મીમાં મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૭૫૩૭.૯૨ચો.મી. માં રહેણાંક હેતુના કુલ-૭૨ ફ્લેટ્સ બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨)હેઠળ આથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

૧.સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૧૦, ૧૧, ૧૨ તથા સ્ટ્રકચરલ ડીટેલ ડ્રોઇંગ, સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે.

૨.શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક:વનમ-૧૦૦૮-૩૨૬૦-લ,તા.૧૦/૩/૨૦૧૦ની જોગવાઇ મુજબ કુલ-૪૨ ૪૨ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૩.શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ,તા.૨૭/૭/૨૦૧૦ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

૪.જી.ડી.સી.આર-૨૦૦૬ની કલોઝ નં.૩.૬ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫.પ્લીન્થચેક સર્ટીફીકેટ મેળવતા અગાઉ રેરા સર્ટીફીકેટ રજુ કરાવાનું રહેશે. ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૬.સવાલવાળી જમીનમાં લાઇટ, પાણી, ગટર અંગે વુડા અથવા અન્ય સંસ્થા કાયમી વ્યવસ્થા કરે ત્યાં સુધી સંપુર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

૭.ચીફ ઓફીસરશ્રી (ફાયર), ફાયર બ્રિગેડ, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરાનું "ના-વાંધા પ્રમાણપત્ર"નં.અ.તા.સેજા. નં.૬૧૧/૨૦૧૮-૧૯, તા.૩૧/૦૫/૨૦૧૮ની શરતોનુ પાલન કરવાનુ રહેશે. (નકલ સામેલ છે.)

૮.અરજદારશ્રીની રજુઆત અન્વયે એમીનીટી ચાર્જ તથા પ્રિમીયમ ફી પેટે ભરવાની થતી રકમના ત્રણ હપ્તા કરી આપવામાં આવેલ છે.તે રકમ તે મુજબ સમયસર ભરપાઇ કરવાની રહેશે તથા આ એડવાન્સ ચેક કોઇપણ કારણસર પરત આવશે તો તમામ હપ્તાની રકમ એક સાથે ભરપાઇ કરવાની રહેશે.અન્યથા વિકાસ પરવાનગી રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાંઆવશે.

૯. એરપોર્ટ ઓથોરીટી દ્વારા તા. ૦૪-૦૯-૨૦૧૮ના રોજ આપેલ એન.ઓ.સીમાં દર્શાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

૧૦.નગર રચના અધિકારીની કચેરી,નગર રચના યોજના વડોદરા,એકમ૧,વડોદરાના પત્રનં.નરયો/વડોદરા/નંર(સમા-દુમાડ-વેમાલી) /કેસ નં.૧૧૯/૧૬૧ તા.૧૧-૦૪-૨૦૧૮માં દર્શાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે. તથા નગર રચના અધિકારીશ્રી દ્વારા ભવિષ્યમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરાશે તેના અરજદારશ્રી બંધનકર્તા રહેશે

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક

શહેરી વિકાસ સત્તામંડળ,

વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૩૩/૨૦૧૮

શહેરી વિકાસ સત્તામંડળ,

કારેલીબાગ, વડોદરા - ૧૮.

તા. ११ /૦૯/૨૦૧૮

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફ્તરની કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

નગર રચના અધિકારીશ્રી, કુબેર ભવન,૮મો માળ,કોઠી કચેરી કંપાઉન્ડ વડોદરા નગર રચના યોજનાની કચેરી,વડોદરા તરફ જાણ સારૂ.

Scanned by CamScanner